# અરવલ્લી જિલ્લામાં વધુ બે સ્વાઈન ફલુ પોઝેટીવ અને એક શંકાસ્પદ

મોડાસા, તા.૨૧ અરવલ્લી જિલ્લામાં સ્વાઈન ફલુના દર્દીઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. સોમવારે અરવલ્લી જિલ્લામાં ૨ સ્વાઈન ફલુ પોઝેટીવ અને એક શંકાસ્પદ સ્વાઈન ફલુ મળી આવતા અરવલ્લી જિલ્લામાં સ્વાઈન ફલુ હાવી થઈ રહ્યો હોય જિલ્લાના પ્રજાજનોમાં હાહાકાર મચ્યો છે. અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના કોજનકંપા ગામના ૩૨ વર્ષીય પટેલ યુવકનો અમદાવાદ અરના હોસ્પિટલમાં સ્વાઈન ફલુ અને હિંમતનગર ખાતે સિવિલમાં સારવાર હેઠળ રહેલી ભીલડાની ૨૮ વર્ષીય મહિલાનો સ્વાઈન ફલુનો રિપોર્ટ પોઝેટીવ આવતા સઘન સારવાર હાથ ધરવામાં આવી હતી. મોડાસાની ખાનગી હોસ્પિટલમાં ભિલોડાની કરાછા ગામની મહિલાનું શંકાસ્પદ સ્વાઈન ફલુના લક્ષણો જણાતા આરોગ્ય વિભાગ હરકતમાં આવી ગયું હતું.

## ધનસુરામાં સ્વાઈન ફ્લૂના બે શંકાસ્પદ કેસો મળી આવતા તંત્ર સાબદુ

બે બાળકોને શંકાસ્પદ સ્વાઈન ફ્લૂના લક્ષણો જણાતા અમદાવાદ સારવાર માટે રિફર કરાયા છે. સમગ્ર ગુજરાતમા જયારે સ્વાઈન ફ્લૂના કેસો મળી રહ્યા છે ત્યારે અરવલ્લીમા ધનસુરામા બે કેસો મળી આવતા તંત્ર ધ્વારા સર્વેની કામગીરી હાથ ધરાઈ છે.



## પ્રાંતિજના ગલતેશ્વર ખાતે લોકમેળો ભરાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગલેસરા ખાતે આવેલ શ્રી ગલતેશ્વર મહાદેવ મંદિર ખાતે આઠસો વર્ષથી યોજાતો લોકમેળો દરવર્ષની જેમ પરંપરાગત યોજાયો હતો જેમાં મોટું માનવ મેળામણ ઉમટી પડયું હતું. પ્રાંતિજથી સાત કિલોમીટર દૂર સાબરમતી નદી કાંઠે ગલતેશ્વર ગામે ગલતેશ્વર મહાદેવ મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસમાં દુરદુરથી લોકો મહાદેવના દર્શન કરવા આવે છે અને શ્રાવણના છેલ્લા દિવસે અમાસનો મેળો ભરાયો હતો. જેમાં ચકડોળ, ખાની-પીણીની લારીઓ સહિત પાથરણાવાળા આકર્ષણું કેન્દ્ર બન્યા હતા અને મેળો માલવાની સાથે લોકોએ ભોળા શિવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. અને યંત્રયુગમાં પણ જુની પરંપરાઓ આજે પણ જળવાઈ રહી છે અને દુરદુરથી મેળામાં માનવ મહેરામણ કિડીયાળાની જેમ જોવા મળ્યુ હતું. ત્યારે મંદિરના વ્યવસ્થાપકો શંભુભાઈ રાવલ, વિજયભાઈ પટેલ, રાકેશભાઈ જોશી વિનોદભાઈ દરજી દ્વારા મંદિરમાં દર્શન માટે આવેલ ભકતોને દર્શન સારી રીતે થાય તે માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી અને પ્રાંતિજ પીઆઈ ટી.બી.રાઠોડ દ્વારા મેળામાં કોઈ બનાવ ન બને તે માટે પણ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# ...લો બોલો, મેઘરજ તાલુકા આરોગ્ય કચેરી જ ગંદકીમાં ગરકાવ

મેઘરજ, તા. ૨૧ મેઘરજમાં શંકાસ્પદ અને પોઝેટીવ સ્વાઈનફલુના ૩ જેટલા દર્દીઓ મળી આવતા તાલુકા



આરોગ્ય વિભાગના અધિકારીની ઘોર બેદરકારી સામે આવી છે. મેઘરજ પંથકમાં સ્વાઈન ફલુના હાહાકાર વચ્ચે છેલ્લા કેટલાય સમયથી ઋતુજન્ય રોગચાળાના ભરડામાં તાલુકાવાસીઓ મોટી સંખ્યામાં સપડાયા છે. ત્યારે તાલુકા આરોગ્ય વિભાગની કચેરીના પ્રવેશદ્વાર આગળ અને સામુહિક આરોગ્ય કેન્દ્રની આજુબાજુ છેલ્લા કેટલાય દિવસથી વરસાદી પાણી ભરાઈ રહેતા તાલુકા આરોગ્ય કચેરીનું આરોગ્ય ભયમાં મુકાઈ રહ્યું છે. જિલ્લા કલેકટર અને જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા મુલાકાત કરી જવાબદાર અધિકારી સામે બેદરકારી દાખવવા બદલ અને કર્મચારીઓ અને દવાખાનામાં દાખલ અને સારવાર કરાવવા આવતા લોકો આરોગ્યને જોખમમાં મુકનાર અધિકારી સામે શખ્ત પગલાં ભરવા તાલુકાના પ્રજાજનોમાં ઉગ્ર માંગ.

ગુજરાત આરોગ્ય વિભાગ મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાને નાથવા અને રોગચાળો વકરે નહિ તે માટે સ્વચ્છતા અભિયાન હાથ ધરી મોટા પાયે લોકોમાં જાગૃતિ ફેલાય તે માટે મોટા પાયે જાહેરાતો કરી કરોડો રૂપિયાનું એંધાણ કરી રહી છે ત્યારે દિવા તળે અંધારું જેવો ઘાટ અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાની આરોગ્ય કચેરીમાં જોવા મળી રહેતા



લોકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. તાલુકા આરોગ્ય કચેરીના પ્રવેશદ્વાર આગળ અને આજુ બાજુ સહીત સામુહિક આરોગ્યકેન્દ્રની આજુબાજુ વરસાદી પાણી ભરાઈ જતા કચેરીની મુલાકાતે આવતા કર્મચારીઓ અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર માટે આવતા દર્દીઓ અને પરિવારજનોએ ગંદા પાણીમાં થઈને જવાની ફરજ પડી રહી છે. ઉપરાંત વરસાદી પાણી ભરાઈ રહેવાથી મચ્છરોનું બ્રીડીંગ અને મચ્છરોનો ઉપદ્રવ ખુબજ વધી જવા પામ્યો છે અને તાલુકા કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ, સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા કર્મચારીઓ અને સારવાર માટે આવતા દર્દીઓ ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયા જેવા ભયાનક રોગોમાં સપડાવાનો ભય પેદા થયો છે.

સરકારી દવાખાને સારવાર મળવાને બદલે મચ્છરજન્ય રોગ લઈ ઘરે જવું પડે તેવી સ્થિતિ નું નિર્માણ થયું છે તદુપરાંત ગંદકી ના ઢગલાઓ, અને ઝાડી-ઝાંખરા પણ મોટા પ્રમાણમાં તાલુકા આરોગ્ય કચેરીની આજુબાજુમાં ઉગી નીકળતા જંગલ જેવી તાલુકા આરોગ્ય કચેરી લાગી રહી છે. જો તાલુકા આરોગ્ય કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓની જ મચ્છરજન્ય રોગચાળામાં સપડાવાનો ભય સતાવી રહ્યો હોય તો પછી તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં વસવાટ કરતા પ્રજાજનોની આરોગ્યને લગતી સેવાઓ કેવી મળતી હશે તે યક્ષ પ્રશ્ન છે.

# બાયડના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા અરવલ્લી જીલ્લા ભાજપ કાર્યાલયની મુલાકાતે

## જિલ્લાના રાજકારણમાં ગરમાવો : જિલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભીએ ટૂંક સમયમાં મહેન્દ્રસિંહ વાઘેલા પ્રદેશ અધ્યક્ષની ઉપસ્થિતિમાં ભાજપમાં પ્રવેશ કરશે તેવું જણાવ્યું

અરવલ્લી, તા. ૨૧ અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના ભાજપ જિલ્લા કાર્યાલય ખાતે સોમવારે બપોરે શંકરસિંહ બાપુના પુત્ર અને માલપુર બાયડનાના કોંગ્રેસ પક્ષમાંથી ચૂંટાયેલા અને કોંગ્રેસને અલવિદા કહી દેનાર ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાએ ભાજપ જિલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભીની ઉપસ્થિતિમાં ભાજપ કાર્યાલયની મુલાકાત લેતા અને જિલ્લા પ્રમુખ સાથે ગુપ્ત બેઠક કરતા જિલ્લાના રાજકારણમાં ભારે



ગરમાવો આવી ગયો છે. મહેન્દ્રસિંહ વાઘેલાની જિલ્લા ભાજપ કાર્યાલયની મુલાકાત સમયે જિલ્લાના ભાજપના અગ્રણીયો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. મહેન્દ્રસિંહ વાઘેલાનું જિલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભી અને નગરપાલિકાના મેયર વનીતાબેન પટેલે બુકે આપી સન્માન કર્યું હતું. જિલ્લાના રાજકારણમાં મહેન્દ્રસિંહ બાપુ ભાજપમાં જોડવાના હોવાની અને ભાજપ કાર્યાલયની મુલાકાતથી કોંગ્રેસના આગેવાનો અને રાજકીય આગેવાનોની ગતિવિધિ તેજ બની ગયી હતી અને શંકરસિંહ બાપુ અને મહેન્દ્રસિંહ બાપુ જિલ્લા કોંગ્રેસના કાર્યકરોને કેસરિયો ખેસ તો નહિ પહેરાવી દે ને તેમ ચિંતિત જણાતા હતા. અને બાયડના અદેસિંહ ચૌહાણ અને માલપુરના સુરેન્દ્રસિંહ રાઠોડ પણ ઉપસ્થિત મુલાકાત સમયે ઉપસ્થિત રહેતા આગામી સમયમાં બાપુ ફેક્ટર અરવલ્લી જિલ્લા કોંગ્રેસમાં મોટું ગાબડુ પડશે તે નક્કી થયી ગયું હતું.

મોડાસા ખાતે જિલ્લા ભાજપ કાર્યાલયની મુલાકાત અંગે મહેન્દ્રસિંહ બાપુ સાથે ટેલિફોનિક વાત કરતા જણાવ્યું હતું કે ભાજપ કાર્યાલયની શુભેચ્છા મુલાકાતે અને કાર્યકરો અને હોદ્દેદારોનો પરિચય થાય તે માટે મુલાકાત લીધી હોવાનું જણાવ્યું હતુ.

અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી સાથે શંકરસિંહ બાપુના પુત્ર અને માલપુર-બાયડના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાની મુલાકાત સંદર્ભે જણાવ્યું હતું કે ટૂંક સમયમાં પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની ઉપસ્થતિમાં મહેન્દ્રસિંહ વાઘેલા બાપુ માલપુર-બાયડ સહીત અરવલ્લી જિલ્લાના કોંગ્રેસી કાર્યકરો સાથે મોટી સંખ્યામાં ભાજપમાં જોડાશે અને આ માટે પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી પાસે સમય માંગવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ બીજી બાજુ શંકરસિંહ વાઘેલાએ બે દિવસ અગાઉ તેમના નિવાસ્થાન વસંત વગડામાં ૧૫૦૦ જેટલા તેમના સમર્થકોનું એક સંમેલન બોલાવ્યું હતું અને ગુજરાતની પ્રજા બેરોજગારી, મોંઘવારી અને જી.એસ.ટી.થી તોબા પોકારી ગયી છે અને પ્રજા સાથે ઉભા રહી પ્રજાના પ્રશ્નોને વાચા અપાવી જોઈએ તેવો મિટિંગમાં પ્રસ્તાવ પસાર કરી ત્રીજો મોરચો ખોલવાની જાહેરાત કરી ૧૮૨ બેઠકો પરથી ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી અને અન્ય રાજકીય પક્ષોને ત્રીજા મોરચામાં સામેલ થવા તેમના દરવાજા ખુલ્લા હોવાનું જણાવ્યું હતું. ત્યારે અરવલ્લી જિલ્લા ભાજપ કાર્યાલયની તેમના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલાની મુલાકાતથી રાજકીય વિશ્લેષકો પણ ગોથું ખાઈ ગયા હતા અને જણાવ્યું હતું કે રાજકારણમાં શંકરસિંહ બાપુને સમજવા બહુ અઘરા છે અને ક્યારે કઈ ચાલ ચાલે એ કોઈને જાણ પણ ના થવા દે. હવે આગામી સમયમાં અરવલ્લી જિલ્લાના રાજકારણમાં બાપુ ફેકટર મહત્વનો રોલ વિધાનસભાની ચૂંટણીમાં ભજવશે અને કોંગ્રેસને મોટેપાયે નુકસાન થાય તો નવાઈ નહિ.

# પાલનપુરની કુંજગલીમાં દીવાલ પડતા શ્રમિકને ગંભીર ઈજા

પાલનપુરના ખોદલીમડા વિસ્તારમાં કુંજગલીમાં મકાન



ઉતારતા સમયે દિવાલ ધરાશાઈ થતા એક શ્રમિકને ઈજા થતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. પાલનપુરની કુંજગલી વિસ્તારમાં ભયજનક બનેલા એક જર્જરિત મકાનને ઉતારવામાં આવી રહ્યું હતું. ત્યારે અચાનક દીવાલ ધરાશાઈ થઈ હતી. જે દિવાલ મજૂર પર પડતા મજૂર ગંભીર રીતે ઘાયલ થયો હતો. જે ઘાયલ શ્રમિકને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો જોકે, આ ઘટનામાં કોન્ટ્રાક્ટરની બેદરકારી સામે આવી હતી.

# સાકારીયા ગામે આવેલા સુપ્રસિદ્ધ સ્વયંભૂ રુદ્રાક્ષ મહાદેવના મંદિરે શ્રાવણ માસના છેલ્લા સોમવારે શિવ મહાપુજા યોજાઈ

મોડાસા, તા.૨૧ શ્રાવણ માસ એટલે ભગવાન શિવજીને રીઝવવાનો મહિનો શ્રાવણ માસમાં શિવ ભક્તો ભોળાનાથ ની અનેક રીતે આરાધના કરેછે ત્યારે અરવલ્લી જિલ્લા ના મોડાસા તાલુકા ના મંદિરે ભગવાન શિવજી ની વિશિષ્ટ પૂજા નું આયોજન કરવામાં આવ્યું હતું ભુદેવો દ્વારા શિવ સહસ્ત્ર નામાવલી દ્વારા શિવજી ને બીલીપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા મહિલાઓ દ્વારા મંદિર પરિસર માં આવેલા પીપળા ના જતી ત્યારે તેના આંચળ માંથી દૂધ ની ધારા ઓ વહી જતી ત્યારે ખેડૂત ને શંકા જતા તાપસ કરી તો આ ગયા નદી કિનારે એક જગ્યા એ એકદમ દૂધ ની ધારા ઓ વહેવા લાગેલી જોતા તેની નીચે ખોદકામ કરતા રુદ્રાક્ષ આકાર નું શિવલિંગ




સાકારીયા ખાતે આવેલ રુદ્રાક્ષ મહાદેવ નું મંદિર પ્રસિદ્ધ પુરાણ છે આ મંદિરે રુદ્રાક્ષ નું સ્વયંભૂ શિવલિંગ આવેલું છે અહીં આખા માસ દરમિયાન શિવ ભક્તો દ્વારા દૂધ જળ નો અભિષેક બીલીપત્ર ચડાવવા માં આવેછે આજે શ્રાવણ માસ ના છેલ્લા સોમવારે આ વૃક્ષે સૂતર ના તાર વીંટી પ્રસાદ ધરાવેછે આજે આખા દિવસ દરમિયાન રુદ્રાક્ષ મહાદેવ ના મંદિરે ભક્તો દ્વારા પૂજન અર્ચન નો કાર્યક્રમ યોજાશે અને સાંજે મહાપૂજા બાદ પ્રશાદ ગ્રહણ કરાશે આ મંદિર રાજસ્થાન થી વર્ષો પહેલા અહીંયા બ્રાહ્મણો આવ્યા ત્યારે સાકરી નદી કિનારે ગામ ના એક ખેડૂત ની ગાય ચારો ચરવા સ્વયંભૂ મળી આવેલું જેથી રુદ્રાક્ષવેર મહાદેવ મંદિર નું નિર્માણ આજ થી એક હજાર વર્ષ પહેલા કરાવેલું આવું દુર્લભ મંદિર અરવલ્લી જિલ્લા ના સાકરીયા ગમે સોમવતી અમાવાસ ના દિવસે મહિલા ઓ દ્વારા પીપળા નું પૂજન પણ કરેલું સમગ્ર આયોજન ભીખાભાઈ તેમજ બદ્રેશ ભાઈ તેમજ દીપકભાઈ દ્વારા કરવામાં આવ્યું.

# સોમવતી અમાસે શ્રાવણનું સમાપન

## પાલનપુરના શિવાલયો ૐ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠ્યા

પવિત્ર શ્રાવણમાસનું સમાપન સોમવતી અમાસે થતા શિવભક્તોનો હરખ બેવડાઈ ગયો હતો. છેલ્લા સોમવાર નિમિત્તે બનાસકાંઠામા ઠેરઠેર શિવાલયો હર હર મહાદેવ ના નાદથી ગુંજી ઉઠ્યા હતા.




પવિત્ર શ્રાવણ માસ પુર્ણ થઈ રહ્યો છે. આજે શ્રાવણ માસનો છેલ્લો સોમવાર અને સોમવતી અમાસનો અનેરો સંગમ થતા ઠેર- ઠેર શિવાલયો "હર હર મહાદેવ"ના નાદથી ગુંજી ઉઠ્યા હતા. સમગ્ર માસ દરમિયાન ભોળાનાથની ભક્તિ કરી લીન બનેલા ભક્તો માટે કેટલાક મંદિરો મા વિશેષ પૂજા સાથે હોમ-હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. પાલનપુરના શિવાલયો ખાતે ભક્તિનું ઘોડાપૂર ઉમટ્યું હતું.

પાલનપુરના પૌરાણિક પાતાળેશ્વર મહાદેવ મંદિરમાં પણ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. મંદિર દ્વારા ભક્તો માટે ભોજન પ્રસાદ નુ આયોજન કરવામાં આવ્યું હતું જેનો લ્હાવો ભક્તોએ હોંશે હોંશે લીધો હતો.

## પાલનપુરના ખેમાણા ટોલનાકા પાસે અકસ્માત : ૧નું મોત

પવિત્ર યાત્રાધામ બાલારામ ખાતે છેલ્લા સોમવારે દર્શન કરી પરત ફરતા યાત્રિકોને અકસ્માત નડ્યો હતો. જેમાં ૧નું મોત નીપજ્યું હતું. અને ૧ ને ગંભીર ઈજા થઈ હતી.

પાલનપુરના ખેમાણા ટોલનાકા પાસે બાલારામથી પરત આવતા યાત્રિકોને અકસ્માત નડ્યો હતો. જેમાં સ્કૂટી અને બોલેરો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ગંભીર રીતે ઘાયલ દિનેશભાઈ મનસૂખભાઈ દવે ઉ. ૭૫ રહે. પાલનપુરનું મોત નીપજ્યું હતું. જયારે રાજેન્દસિં ઈશ્વરસિંહ ચાવડા ઉ. ૪૮ રહે. પાલનપૂર વાળાને ઈજાઓ થતા સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલ માં ખસેડાયા હતા.

# ધાનેરામાં આવેલ પુરમાં સી.ટી. સર્વે કચેરીનાં રેકર્ડ નાશ

## આજદિન સુધી અધિકારી ઓફિસમાં ફરકયા નથી

તા.૨૪.૭.૨૦૧૭ના રોજ ધાનેરામાં આવેલ પુરના કારણે અનેક ઓફિસ- કચેરીઓ ઉપરાંત સીટી સર્વે કચેરીમાં રેકર્ડ પલળીને નાશ થવા પામેલ છે પરંતુ કોઈ અધિકારીને આ રેકર્ડને વ્યવસ્થીત કરવાની તેમજ તપાસ કરવાનો ટાઈમ નથી.

તેઓને કોઈ જવાબદારી જેવુ લાગતુ નથી. આમાંથી બચેલ કાગળો ફાળીને નિકાલ કરવાનાં હોય છે પરંતુ અધિકારી આંખ આડા કાન કરી રહ્યા છે.

એક માત્ર પટાવાળો પોતાની અકકલ હોશિયારી બચાવ કામગીરી કરી રહયો છે. આ બાબતે તંત્રના અધિકારી તપાસ કરી રેકર્ડને યોગ્ય રીતે તપાસી કાર્ય કરે.



## અરવલ્લી જિલ્લા સહિત મોડાસા પંથકમાં ગાજવીજ સાથે વરસાદ

હવામાન વિભાગની આગાહી અરવલ્લી જિલ્લામાં મહદંશે સાચી પુરવાર થતા શનિવારે મોડી સાંજે ઝરમર-ઝરમર વરસાદ વચ્ચે રાત્રે અને રવિવારે વહેલી સવારથી ગાજવીજ સાથે શરૂ થયેલા વરસાદથી જિલ્લાના ખેડૂતોમાં આનંદ છવાયો હતો. અસહ્ય ઉકળાટ અને બફારા સહીત ગરમીથી તોબા પોકારી ઉઠેલા જિલ્લાવાસીઓ વાતાવરણમાં ઠંડક પ્રસરતા રાહત અનુભવી હતી.

# યાત્રાધામ બાલારામમાં દર્શન કરી પરત ફરતા વૃદ્ધનું મોત

પવિત્ર યાત્રાધામ બાલારામમાં દર્શન કરી પરત ફરતા ગઢ ગામના વૃદ્ધનું મોત નીપજ્યું હતું. પાલનપુર તાલુકાના ગઢ ગામના ૬૫ વર્ષીય બાબુભાઈ હેમરાજ ભાઈ ઠાકોર શ્રાવણના છેલ્લા સોમવારે પવિત્ર યાત્રાધામ ખાતે દર્શન કરવા ગયા હતા. જેઓ બાલારામ મહાદેવના દર્શન કર્યા બાદ પરત ફરતા હતા. ત્યારે બાલારામમાં પડી ગયા બાદ તેઓનું પ્રાણ પંખેરું ઉડી ગયું. દરમિયાન, મૃતક વૃદ્ધના મૃતદેહને પી.એમ. અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. સોમવતી અમાસે શ્રાવણના છેલ્લા સોમવારે શિવભક્ત વૃદ્ધ વૈકુંઠવાસી થયા હતા.